**અરજદારઃ** – શ્રી વિનોદ રામજીભાઈ પટેલ
**સામાવાળાઃ**– સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વોચ એન્ડ વોર્ડ વિભાગ)

**ફરીયાદની હકીકતઃ**–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ રામજીભાઈ પટેલની આઈડી નં.૬૧૨ (મધ્યસ્થ કચેરી) તા.૧૦–૨–૧૬ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧–૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ**– અરજદાર મજકુરની તા.૭–૬–૧૬ની અપીલ નં. SMC/ FAP/ WNW ખાતાની કચેરી/ નં.૦૧/ ૧૬– ૧૭ જાહેરમાહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક, મધ્યસ્થ કચેરી સી./ એફ.પી./ ૪૪, તા.૧૪/૦૬/૨૦૧૬

શ્રી વિનોદ રામજીભાઈ પટેલની આઈડી નં.૬૧૨ (મધ્યસ્થ કચેરી) તા.૧૦–૨–૧૬ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧–૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી આપવા બાબતે અરજીમાં માંગેલ માંગ્યા મુજબની માહિતીઓ આપી નથી કે માહિતી ન આપવા સબબ અધિનિયમની જોગવાઈ મુજબ કોઈ વાજબી કારણ દર્શાવતી વિગત પણ અમોને જણાવવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટ–૨૦૦૫ અન્વયે ધોરણસર રીતે કોઈ કાર્યવાહી પણ જવાબદાર અને સંબંધિત જાહેર માહિતી અધિકારી દ્વારા કરવામાં આવેલ ન હોવાનું વિગેરે કારણો જણાવી તા.૭–૬–૧૬ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે અપીલ અરજી કરવામાં આવેલ છે. જે મધ્યસ્થ કચેરીના પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સી/એફ.એ.પી./૪૪ તા.૧૪–૬–૧૬ થી અત્રેના ખાતાને આંશિક તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રે તા.૧૮–૬–૧૬ ના રોજ મળેલ છે. સદર અરજી અત્રેના જાહેર માહિતી અધિકારીના માહિતી પુરી પાડવા અંગેના પત્રના અનુસંધાને લગભગ સવા બે મહિનાના વિલંબથી અપીલ કરવામાં આવેલ છે. તથા વિલંબ અંગેના કારણો તથા વ્યાજબીપણું રજુ કરવામાં આવેલ નથી. તેમ છતાં પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ ગ્રાહ્ય રાખવામાં આવે છે.

અરજદારની આઈડી નં.૬૧૨ તા.૧૦–૨–૧૬ ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧–૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીને સંબોધતી અરજી મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં. સી/આરટીઆઈ/૬૧૨ તા.૧૭–૨–૧૬થી નિયત સમયમર્યાદામાં અત્રેના ખાતાને તથા લાગત ખાતાઓને આંશિક તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર– વોચ એન્ડ વોર્ડ તરફથી લાગત મુદ્દા માટે **પત્ર નં.વોચ એન્ડ વોર્ડ/૮૯૩, તા.૧–૩–૨૦૧૬** થી નિયત સમયમર્યાદામાં **મુદ્દા નં. ૧** બાબતે અત્રેના આરટીઆઈ સેલમાં ફરજ બજાવતાં કર્મચારીઓનાં સ્થાવર અસ્કયામત ફોર્મ મધ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવેલ છે. આથી આ અંગેની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી મળી શકે અને તે માટે તેઓની અરજી સદર જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે જ. તથા ગીફટ વિ. બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કોઈ માહિતી માંગવામાં આવેલ ન હોઈ, અત્રેના વોચ એન્ડ વોર્ડના કોઈપણ કર્મચારી દ્વારા એવી માહિતી/ ફોર્મ રજુ કરવામાં આવેલ નથી એવું જણાવવામાં આવેલ છે. **મુદ્દા નં.૨** બાબતે અત્રેના વોચ એન્ડ વોર્ડના જુનીયર એન્જી.ની સમકક્ષ, ડે.એન્જી.ની સમકક્ષ કેડર તથા કર્મચારી વર્ગ–૨ ની કક્ષામાં આવતા ચીફ સીકયુરીટી ઓફિસરની મિલકત અંગેની માહિતી મહેકમ વિભાગ ધ્વારા આપવામાં આવશે. **મુદ્દા નં.૩, ૪ અને ૫** અત્રેના ખાતાને લાગત ન હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એવું જણાવવામાં આવેલ છે.

અરજદારે અપીલ તબક્કે તેમની વિલંબીત અપીલ અરજી અંગે કોઈ વ્યાજબીપણું રજૂ કરેલ નથી. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજ્જો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૨–૧૬ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર– વોચ એન્ડ વોર્ડ ખાતા દ્વારા આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૧ અને ૨ ની અત્રેના ખાતામાં ઉપલબ્ધ સંપૂર્ણ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં. ૩ થી ૫ બાબતે પણ અત્રેના ખાતાને લાગત ન હોવાનું જણાવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી.

## **હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૨–૧૬ ની અરજીથી માંગવામાં આવેલ અત્રેના ખાતાને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર– વોચ એન્ડ વોર્ડ તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી તથા મુદ્દા નં. ૩ થી ૫ બાબતે પણ અત્રેના ખાતાને લાગત ન હોવાનું જણાવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોઈ, સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(જાગ્રત આર. નાયક)
ચીફ સીકયુરીટી ઓફિસર અને
અપીલ અધિકારી
વોચ એન્ડ વોર્ડ વિભાગ
સુરત મહાનગરપાલિકા

**અરજદારઃ** **શ્રી ધર્મેશકુમાર કાંતિભાઈ પટેલ,**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર**
**(વોચ એન્ડ વોર્ડ વિભાગ)**

**ફરીયાદની હકીકતઃ**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધર્મેશકુમાર કાંતિભાઈ પટેલની આઈડી નં.૧૬૦૭ (નાગરિક સુવિધા કેન્દ્ર) મલ્ટીલેવલ પાર્કિગના પ્રથમ માળની તા.૨૮–૦૯–૧૬ ની સી.સી.ટી.વી. ફુટેજ આપવા બાબત. (સમય ૦૧:૦૦ થી સાંજે ૦૬:૩૦)

**સંદર્ભઃ–** (૧) અરજદાર શ્રી ધર્મેશકુમાર કાંતિભાઈ પટેલ,ની તા.૧૪–૧૦–૧૬ ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૧૬૦૭ )
(૨) જાહેર માહિતી અધિકારી અને **સેકશન ઓફિસર** ના તા. ૧૫–૧૧–૧૬નો પત્ર નં. વોચ એન્ડ વોર્ડ નં.૫૪૬
(૩) અરજદારશ્રીની તા.૧૯–૧૧–૧૬ ની પ્રથમ અપીલ ઈ.નં./૨૪૧૨/૨૮–૧૧–૧૬
(૪) અત્રેનો પત્ર નં. વોચ એન્ડ વોર્ડ/આરટીઆઈ/આ/૫૯૮ , તા.૨૯–૧૧–૧૬

અરજદારશ્રી ધર્મેશકુમાર કાંતિભાઈ પટેલ,ની ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી એકઝીકેયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી (નાગરિક સુવિધા કેન્દ્ર) દ્વારા તબદીલ થઈને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (વોચ એન્ડ વોર્ડ વિભાગ)ને તા.૨૧–૧૦–૧૬ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરે તા.૧૫–૧૧–૧૬ ના રોજ સંદર્ભ (૨) થી અરજદારશ્રી ને માહિતીનો પ્રત્યુત્તર પાઠવેલ. સંદર્ભ (૩) હેઠળ અરજદારની પ્રથમ અપીલ અરજી તા.૨૮–૧૧–૧૬ ના રોજ અપીલ અધિકારી અને ચીફ.સીકયુરીટી ઓફિસર, વોચ એન્ડ વોર્ડ વિભાગને મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારને તા.૦૫–૧૨–૧૬ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

તા.૧૪–૧૦–૧૬ ના રોજ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૧૬૦૭ અન્વયેની માહિતી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારશ્રીએ અપીલ અરજી કરેલ છે. માહિતી પુરી પાડવા અંગેના પત્રના અનુસંધાન અંગેના કારણો તથા વ્યાજબીપણું રજુ કરવામાં આવેલ નથી. તેમ છતાં પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ ગ્રાહ્ય રાખવામાં આવે છે.

તા.૦૫–૧૨–૧૬ ના રોજ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધર્મેશકુમાર કાંતિભાઈ પટેલ તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર શ્રીમતી નીતાબેન એ. પારેખ હાજર રહેલ. તા.૦૫–૧૨–૧૬ના રોજ અરજદારશ્રીએ તા.૧૪–૧૦–૧૬ ના રોજ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૧૬૦૭ અન્વયે મલ્ટીલેવલ પાર્કિંગના પ્રથમ માળની તા.૨૮–૦૯–૧૬ ની સી.સી.ટી.વી. ફુટેજ સમય ૦૧:૦૦ થી સાંજે ૦૬:૩૦ ની માહિતી આપવા બાબતે તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરે માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના માહિતી જાહેર કરવા માંથી મુકિત બાબતે કલમ–૮ (૧)–ક હેઠળ માહિતી આપી શકાય નહી તે બાબતેની રજુઆત કરેલ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૧૦–૧૬ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૬૦૭ અન્વયે માંગેલ અરજીથી માંગવામાં આવેલ અત્રેના ખાતાને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર– વોચ એન્ડ વોર્ડ તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી તથા અરજદારશ્રી એ તા.૦૫–૧૨–૧૬ ના પત્ર નં. ઈનવર્ડ/વોચ એન્ડ વોર્ડ/૨૪૭૭ થી પ્રથમ અપીલ અરજી અન્વયે તા.૦૫–૧૨–૧૬ના રોજ પ્રથમ અપીલ બાબતે સાંભળવાની તક દરમ્યાન આરટીઆઈ અરજીની આપેલ માહિતી યોગ્ય જણાતાં પ્રથમ અપીલ અરજી દફતરે કરવા જણાવેલ. આમ, અત્રેના ખાતાને લાગત અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**ચીફ સીકયુરીટી ઓફિસ**
**સુરત મહાનગરપાલિકા**

**અરજદાર:** **શ્રી ધર્મેશકુમાર કાંતિભાઈ પટેલ,**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર**
**(વોચ એન્ડ વોર્ડ વિભાગ)**

**ફરીયાદની હકીકત:**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ધર્મેશકુમાર કાંતિભાઈ પટેલની આઈડી નં.૧૭૧૯ (નાગરિક સુવિધા કેન્દ્ર) મુખ્ય બિલ્ડીંગના કંપાઉન્ડની તા.૧૮–૧૦–૧૬ને સવારે ૧૧:૦૦ થી બપોરે ૦૨:૦૦ સુધીની સી.સી.ટી.વી. ફુટેજ આપવા બાબત.

**સંદર્ભ:–** (૧) અરજદાર શ્રી ધર્મેશકુમાર કાંતિભાઈ પટેલ,ની તા.૦૩–૧૧–૧૬ ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૧૭૧૯)
(૨) જાહેર માહિતી અધિકારી અને **સેકશન ઓફિસર** ના તા. ૦૯–૧૧–૧૬નો પત્ર નં. વોચ એન્ડ વોર્ડ નં.૫૩૬
(૩) અરજદારશ્રીની તા.૧૯–૧૧–૧૬ ની પ્રથમ અપીલ ઈ.નં./૨૪૧૩/૨૮–૧૧–૧૬.
(૪) અત્રેનો પત્ર નં. વોચ એન્ડ વોર્ડ/આરટીઆઈ/આ/૫૯૯ , તા.૨૯–૧૧–૧૬.

અરજદારશ્રી ધર્મેશકુમાર કાંતિભાઈ પટેલ,ની ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી એકઝીકેયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી (નાગરિક સુવિધા કેન્દ્ર) દ્વારા તબદીલ થઈને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (વોચ એન્ડ વોર્ડ વિભાગ)ને તા.૦૭–૧૧–૧૬ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરે તા.૦૯–૧૧–૧૬ ના રોજ સંદર્ભ (૨) થી અરજદારશ્રી ને માહિતીનો પ્રત્યુત્તર પાઠવેલ. સંદર્ભ (૩) હેઠળ અરજદારની પ્રથમ અપીલ અરજી તા.૨૮–૧૧–૧૬ ના રોજ અપીલ અધિકારી અને ચીફ.સીકયુરીટી ઓફિસર, વોચ એન્ડ વોર્ડ વિભાગને મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારને તા.૦૫–૧૨–૧૬ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

તા.૦૩–૧૧–૧૬ ના રોજ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૧૭૧૯ અન્વયેની માહિતી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારશ્રીએ અપીલ અરજી કરેલ છે. માહિતી પુરી પાડવા અંગેના પત્રના અનુસંધાન અંગેના કારણો તથા વ્યાજબીપણું રજુ કરવામાં આવેલ નથી. તેમ છતાં પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ ગ્રાહ્ય રાખવામાં આવે છે.

તા.૦૫–૧૨–૧૬ ના રોજ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી ધર્મેશકુમાર કાંતિભાઈ પટેલ તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર શ્રીમતી નીતાબેન એ. પારેખ હાજર રહેલ. તા.૦૫–૧૨–૧૬ના રોજ અરજદારશ્રીએ તા.૦૩–૧૦–૧૬ ના રોજ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૧૭૧૯ અન્વયે મુખ્ય બિલ્ડીંગના કંપાઉન્ડની તા.૧૮–૧૦–૧૬ને સવારે ૧૧:૦૦ થી બપોરે ૦૨:૦૦ સુધીની સી.સી.ટી.વી. ફુટેજ આપવા બાબતે તેમજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરે માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ના માહિતી જાહેર કરવા માંથી મુકિત બાબતે કલમ–૮ (૧)–ક હેઠળ માહિતી આપી શકાય નહી તે બાબતેની રજુઆત કરેલ.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૩–૧૧–૧૬ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૭૧૯ અન્વયે માંગેલ અરજીથી માંગવામાં આવેલ અત્રેના ખાતાને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર– વોચ એન્ડ વોર્ડ તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી તથા અરજદારશ્રી એ તા.૦૫–૧૨–૧૬ ના પત્ર નં. ઈનવર્ડ/વોચ એન્ડ વોર્ડ/૨૪૭૭ થી પ્રથમ અપીલ અરજી અન્વયે તા.૦૫–૧૨–૧૬ના રોજ પ્રથમ અપીલ બાબતે સાંભળવાની તક દરમ્યાન આરટીઆઈ અરજીની આપેલ માહિતી યોગ્ય જણાતાં પ્રથમ અપીલ અરજી દફતરે કરવા જણાવેલ. આમ, અત્રેના ખાતાને લાગત અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**ચીફ સીકયુરીટી ઓફિસ**
**સુરત મહાનગરપાલિકા**

# વોચ એન્ડ વોર્ડ વિભાગ
# સુરત મહાનગરપાલિકા

**અરજદાર:** શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીન
**સામાવાળા:** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર
(વોચ એન્ડ વોર્ડ વિભાગ)

**ફરીયાદની હકીકત:**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનની આઈડી નં.૧૭૧૭ (નાગરિક સુવિધા ક્રેન્દ્ર) નિવૃત થયેલ કર્મચારીઓના ચુકવવાના નાણાં/લાભો આપવા બાબત.

**સંદર્ભ:**– (૧) અરજદાર શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનની તા.૦૨–૧૧–૧૬ ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૧૭૧૭)
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર ના તા. ૨૦–૧૨–૧૬નો પત્ર નં. વોચ એન્ડ વોર્ડ નં.૬૭૮
(૩) અરજદારશ્રીની તા.૧૯–૧૧–૧૬ ની પ્રથમ અપીલ ઈ.નં./૨૪૧૧ /૨૮–૧૧–૧૬.
(૪) અત્રેનો પત્ર નં. વોચ એન્ડ વોર્ડ/આરટીઆઈ/આ/૬૯૩ , તા.૨૩–૧૨–૧૬.

અરજદાર શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીન,ની ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી એકઝીકેયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી (નાગરિક સુવિધા ક્રેન્દ્ર) દ્વારા તબદીલ થઈને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (વોચ એન્ડ વોર્ડ વિભાગ)ને મળેલ. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરે તા.૨૦–૧૨–૧૬ ના રોજ સંદર્ભ (૨) થી અરજદારશ્રી ને માહિતીનો પ્રત્યુત્તર પાઠવેલ. સંદર્ભ (૩) હેઠળ અરજદારની પ્રથમ અપીલ અરજી તા.૨૮–૧૧–૧૬ ના રોજ અપીલ અધિકારી અને ચીફ.સીકયુરીટી ઓફિસર, વોચ એન્ડ વોર્ડ વિભાગને મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારને તા.૦૨–૦૧–૧૭ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

તા.૦૨–૧૧–૧૬ ના રોજ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૧૭૧૭ અન્વયેની માહિતી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારશ્રીએ અપીલ અરજી કરેલ છે. માહિતી પુરી પાડવા અંગેના પત્રના અનુસંધાન અંગેના કારણો તથા વ્યાજબીપણું રજુ કરવામાં આવેલ નથી. તેમ છતાં પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ ગ્રાહ્ય રાખવામાં આવે છે.

તા.૦૨–૦૧–૧૭ ના રોજ સુનાવણી દરમ્યાન અરજદારશ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીન હાજર રહેલ નહી.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨–૧૧–૧૬ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૭૧૭ અન્વયે માંગેલ અરજીથી માંગવામાં આવેલ અત્રેના ખાતાને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર– વોચ એન્ડ વોર્ડ તરફથી ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ હોવાથી તથા અરજદારશ્રી તા.૦૨–૦૧–૧૭ ના રોજ પ્રથમ અપીલ બાબતે સાંભળવાની તક દરમ્યાન હાજર રહેલ નહી. જેથી આમ, અત્રેના ખાતાને લાગત અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**ચીફ સીકયુરીટી ઓફિસર અને**
**અપીલ અધિકારી**
**વોચ એન્ડ વોર્ડ વિભાગ**
**સુરત મહાનગરપાલિકા**

**અરજદારઃ** **શ્રી વિપુલભાઈ દેસાઈ,**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર**
**(વોચ એન્ડ વોર્ડ વિભાગ)**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિપુલભાઈ દેસાઈની આઈડી નં.૮૦/૧૭ (જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી), નં.સી/આર.ટી.આઈ./આ.નં.૪૫૯, તા.૨૫/૦૧/૨૦૧૭

**સંદર્ભઃ–** (૧) અરજદાર શ્રી વિપુલભાઈ દેસાઈ,ની તા.૧૦–૦૧–૧૭ ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૮૦/૧૭)
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર ના તા. ૦૨–૦૨–૧૭ નો પત્ર નં. વોચ એન્ડ વોર્ડ નં.૮૩૭
(૩) અરજદારશ્રીની તા.૦૧–૦૩–૧૭ ની પ્રથમ અપીલ ઈ.નં./૩૪૦૪, તા.૦૪/૦૩/૨૦૧૭

અરજદારશ્રી વિપુલભાઈ દેસાઈ,ની ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી (જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી), દ્વારા તબદીલ થઈને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (વોચ એન્ડ વોર્ડ વિભાગ)ને તા.૦૧–૦૨–૧૭ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરે તા.૦૨–૦૨–૧૭ ના રોજ સંદર્ભ (૨) થી અરજદારશ્રી ને માહિતીનો પ્રત્યુત્તર પાઠવેલ. સંદર્ભ (૩) હેઠળ અરજદારની પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારી અને આસી.કમિશ્નરશ્રી પૂર્વ(વરાછા) ઝોન તરફથી તબદીલ થઈ ને તા.૦૪–૦૩–૧૭ ના રોજ અપીલ અધિકારી અને ચીફ.સીકયુરીટી ઓફિસર, વોચ એન્ડ વોર્ડ વિભાગને મળેલ છે.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

તા.૧૦–૦૧–૧૭ ના રોજ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૮૦/૧૭ માહિતી નાં મુદા નં.૧ અન્વયે કમ્પલેઈન નં.૯૯૯/૫૨૦૧૫૮૯૬૪ નો જવાબ તેમજ કોઈપણ નકલ આજદિન સુધીમાં મળેલ ન હોવાના પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. માહિતી પુરી પાડવા અંગેના પત્રના અનુસંધાન અંગેના કારણો તથા વ્યાજબીપણું રજુ કરવામાં આવેલ નથી. તેમ છતાં પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ ગ્રાહ્ય રાખવામાં આવે છે.

# હુકમ

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજી ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૦૧–૧૭ ની આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૮૦/૧૭ અન્વયે માંગેલ અરજીથી માંગવામાં આવેલ અત્રેના ખાતાને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર– વોચ એન્ડ વોર્ડ તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં કમ્પલેઈન નં.૯૯૯/૫૨૦૧૫૮૯૬૪ નો જવાબ તેમજ નકલ આર.પી.એડી. ધ્વારા તા.૦૨/૦૨/૨૦૧૭ નાં રોજ પુરી પાડવામાં આવેલ. આર.પી.એડી. ની સ્લીપ આઉટ/વો. એન્ડ વો./૮૩૭, તા.૦૨/૦૨/૨૦૧૭ થી એચ. એન. દેસાઈ દ્વારા સહી કરી સ્વીકારવામાં આવેલ છે. પ્રથમ અપીલ બાબતે આરટીઆઈ અરજીની આપેલ તા.૦૨/૦૨/૨૦૧૭ નાં રોજ આપવામાં આવેલ માહિતી યોગ્ય જણાતાં આમ, અત્રેના ખાતાને લાગત અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦/એ, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**ચીફ સીકયુરીટી ઓફિસ**
**સુરત મહાનગરપાલિકા**